# BFV

## PROVISIONAL ANSWER KEY

| | |
|---|---|
| **Name of the post** | **Deputy Section Officer / Deputy Mamlatdar, Class-3** |
| **Advertisement No.** | **42/2023-24** |
| **Preliminary Test held** | **15-10-2023** |
| **Question No.** | **01-200** |
| **Publish Date** | **16-10-2023** |

**Last Date to Send Suggestion(s) 23-10-2023**

**THE LINK FOR ONLINE OBJECTION SYSTEM WILL START FROM 17-10-2023; 04:00 PM ONWARDS**

## Instructions / સૂચના

**Candidate must ensure compliance to the instructions mentioned below, else objections shall not be considered: -**

(1) All the suggestion should be submitted through **ONLINE OBJECTION SUBMISSION SYSTEM** only. Physical or submission through E- Mail of suggestions will not be considered.

(2) Question wise suggestion to be submitted in the prescribed format (proforma) published on the website / online objection submission system.

(3) All suggestions are to be submitted with reference to the Master Question Paper with provisional answer key (Master Question Paper), published herewith on the website / online objection submission system. Objections should be sent referring to the Question, Question No. & options of the Master Question Paper.

(4) Suggestions regarding question nos. and options other than provisional answer key (Master Question Paper) shall not be considered.

(5) Objections and answers suggested by the candidate should be in compliance with the responses given by him in his answer sheet. Objections shall not be considered, in case, if responses given in the answer sheet /response sheet and submitted suggestions are differed.

(6) Objection for each question should be made on separate sheet. Objection for more than one question in single sheet shall not be considered.

**ઉમેદવારે નીચેની સૂચનાઓનું પાલન કરવાની તકેદારી રાખવી, અન્યથા વાંધા-સૂચન અંગે કરેલ રજૂઆતો ધ્યાને લેવાશે નહીં**

(1) ઉમેદવારે વાંધાં-સૂચનો ફક્ત **ઓનલાઈન ઓબ્જેક્શન સબમીશન** સીસ્ટમ દ્વારા જ સબમીટ કરવાના રહેશે. રૂબરૂ અથવા ટપાલ અથવા ઇ- મેઇલ દ્વારા આયોગની કચેરીએ મોકલવા આવેલ વાંધા-સૂચનો ધ્યાને લેવામા આવશે નહીં જેની ખાસ નોંધ લેવી.

(2) ઉમેદવારે વાંધા-સૂચનો રજૂ કરવા વેબસાઈટ / ઓનલાઈન ઓબ્જેક્શન સબમીશન સીસ્ટમ પર પ્રસિધ્ધ થયેલ નિયત નમૂનાનો જ ઉપયોગ કરવો.

(3) ઉમેદવારે પોતાને પરીક્ષામાં મળેલ પ્રશ્નપપુસ્તિકામાં છપાયેલ પ્રશ્નક્રમાક મુજબ વાંધા-સૂચનો રજૂ ન કરતા તમામ વાંધા-સૂચનો વેબસાઈટ પર પ્રસિધ્ધ થયેલ પ્રોવિઝનલ આન્સર કી (માસ્ટર પ્રશ્નપત્ર)ના પ્રશ્ન ક્રમાંક મુજબ અને તે સંદર્ભમાં રજૂ કરવા.

(4) માસ્ટર પ્રશ્નપત્રમાં નિર્દિષ્ટ પ્રશ્ન અને વિકલ્પ સિવાયના વાંધા-સૂચનો ધ્યાને લેવામાં આવશે નહીં.

(5) ઉમેદવારે પ્રશ્નના વિકલ્પ પર વાંધો રજૂ કરેલ છે અને વિકલ્પ રૂપે જે જવાબ સૂચવેલ છે એ જવાબ ઉમેદવારે પોતાની ઉત્તરવહીમાં આપેલ હોવો જોઈએ. ઉમેદવારે સૂચવેલ જવાબ અને ઉત્તરવહીનો જવાબ ભિન્ન હશે તો ઉમેદવારે રજૂ કરેલ વાંધા-સૂચનો ધ્યાનમા લેવાશે નહીં.

(6) એક પ્રશ્ન માટે એક જ વાંધા-સૂચન પત્રક વાપરવું. એક જ વાંધા-સૂચનો પત્રકમાં એકથી વધારે પ્રશ્નોની રજૂઆત કરેલ હશે તો તે અંગેના વાંધા-સૂચનો ધ્યાને લેવાશે નહીં.

**Website link for online objection submission system : http://gpsc.safevaults.in/login/**

001. રચના અને રચયિતાને યોગ્ય રીતે ગોઠવો.

| રચના | રચયિતા |
|---|---|
| 1. દશકુમાર ચરિત | a. દંડી |
| 2. રઘુવંશ | b. કાલિદાસ |
| 3. પંચતંત્ર | c. વિષ્ણુશર્મા |
| 4. માલતી માધવ | d. ભવભૂતિ |

(A) 1 - b, 2 - c, 3 - d, 4 - a
(B) 1 - a, 2 - b, 3 - c, 4 - d
(C) 1 - c, 2 - d, 3 - a, 4 - b
(D) 1 - d, 2 - a, 3 - b, 4 - c

002. રચના અને કૃતિના પ્રકારને યોગ્ય રીતે ગોઠવો.

| રચના | કૃતિનો પ્રકાર |
|---|---|
| 1. મુદ્રારાક્ષસ | a. નાટક |
| 2. કાદંબરી | b. મહાકાવ્ય |
| 3. ઉત્તરરામચરિત | c. શતક |
| 4. પંચતંત્ર | d. વાર્તાસંગ્રહ |

(A) 1 - a, 2 - b, 3 - c, 4 - d
(B) 1 - b, 2 - c, 3 - d, 4 - a
(C) 1 - c, 2 - d, 3 - a, 4 - b
(D) 1 - d, 2 - a, 3 - b, 4 - c

003. નીચેના વાક્યો ચકાસો.

1. બૃહદેશ્વર મંદિર ચોલા વંશના રાજા રાજરાજ દ્વારા બાંધવામાં આવેલ હતું.
2. ખજુરાહોનું બાંધકામ ચંદેલ વંશના રાજવીઓ દ્વારા કરવામાં આવેલ હતું.
3. મહાબલિપુરમ્‌નું બાંધકામ પલ્લવ વંશના રાજવી નૃસિંહવર્મન પહેલા દ્વારા કરાવવામાં આવેલ હતું.

(A) 1 અને 2 યોગ્ય છે.
(B) 2 અને 3 યોગ્ય છે.
(C) 1 અને 3 યોગ્ય છે.
(D) 1, 2 અને 3 યોગ્ય છે.

004. નીચેના વાક્યો ચકાસો.

1. કોણાર્કના સૂર્યમંદિરમાં કાળા પથ્થરોનો ખૂબ ઉપયોગ થયેલ હોવાથી તેને કાળા પેગોડાના નામે પણ ઓળખવામાં આવે છે.
2. મહારાષ્ટ્રમાં આવેલ ઈલોરાની ગુફામાં ભારતનું સૌથી મોટું શિલ્પ સ્થાપત્ય યુક્ત કૈલાસ મંદિર આવેલ છે.

(A) 1 અને 2 બંને યોગ્ય છે.
(B) માત્ર 1 યોગ્ય છે.
(C) માત્ર 2 યોગ્ય છે.
(D) 1 અને 2 બંને યોગ્ય નથી.

**005.** ગુજરાતના સ્થાપત્યની જોડીઓ ગોઠવો.

| શહેર | સ્થાપત્ય |
|---|---|
| 1. પાટણ | a. પંચદેરાસર |
| 2. સિધ્ધપુર | b. કીર્તિતોરણ |
| 3. વડનગર | c. રૂદ્રમહાલય |
| 4. કુંભારિયા (અંબાજી) | d. સહસ્ત્રલિંગ તળાવ |

(A) 1 - b, 2 - a, 3 - d, 4 - c
(B) 1 - c, 2 - b, 3 - a, 4 - d
(C) 1 - d, 2 - c, 3 - b, 4 - a
(D) 1 - a, 2 - d, 3 - c, 4 - b

**006.** મધ્યયુગના લેખકો અને કૃતિઓની જોડીઓ પૈકી કઈ જોડી યોગ્ય નથી ?

| કૃતિ | | લેખક |
|---|---|---|
| (A) પદ્માવત | – | મલિક મુહમ્મદ જાયસી |
| (B) બાદશાહનામા | – | મહમદ હસન નિઝામી |
| (C) શિવ બાવની | – | કવિ ભૂષણ |
| (D) હમીર રાસો | – | સારંગ ધર |

**007.** બીજી ''ઑલ ઈન્ડીયા ઑફીશીયલ લેંગ્વેજ કૉન્ફરન્સ'' (All India Official Language Conference) કયા સ્થળે આયોજીત કરવામાં આવેલ હતી ?

(A) સુરત
(B) લખનઉ
(C) પટના
(D) રાયપુર

**008.** ભારતના અંગ્રેજીમાં લખનાર લેખકોની અને તેઓની કૃતિઓની કઈ જોડી યોગ્ય નથી ?

(A) ખુશવંત સીંઘ (Khushwant Singh) – Train to Pakistan
(B) Mulk Raj Anand – Coolie
(C) R. K. Narayan – Malgudi Days
(D) Amitav Ghosh – The Golden Gate

**009.** હિંદી લેખકો અને તેઓની કૃતિઓ પૈકી કઈ કૃતિઓ-લેખકની જોડી યોગ્ય નથી ?

(A) ગીતાંજલિ – રવિન્દ્રનાથ ટાગોર
(B) ગબન – રાજ શેખર
(C) કુરૂક્ષેત્ર – દિનકર
(D) ગીત ગોવિન્દ – જયદેવ

010. ભારતના શાસ્ત્રીય નૃત્યો અને તેના સંબંધિત મૂળ રાજ્યોની જોડીઓ પૈકી કઈ જોડીઓ યોગ્ય છે ?

1. ભરતનાટ્યમ્ – તામીલનાડુ

2. કથ્થક – આંધ્રપ્રદેશ

3. કુચીપુડી – ઉત્તર પ્રદેશ

4. કથ્થકકલી – કેરળ

(A) માત્ર 1 અને 2
(B) માત્ર 1 અને 3
(C) માત્ર 1 અને 4
(D) 1, 2, 3 અને 4

011. ભારતના લોકનૃત્યો અને સંબંધીત રાજ્યોની જોડીઓ પૈકી કઈ જોડી યોગ્ય નથી ?

(A) અરૂણાચલ પ્રદેશ – ભૂઈયા (Buiya)
(B) આસામ – રનમાલી (Ranmale)
(C) છત્તીસગઢ – પનથી (Panthi)
(D) ઝારખંડ – ફગુઆ (Phagua)

012. ચિત્રકારીના પ્રકાર અને તેની સાથે સંકળાયેલ મુખ્ય રાજયના કલાકારોને જોડો.

| ચિત્રકારી | રાજ્યના કલાકાર |
|---|---|
| 1. મધુબની | a. રાજસ્થાન |
| 2. પહાડ | b. બિહાર |
| 3. કલમ કારીગરી | c. તેલંગણા |
| 4. ચેરીયલ (Cheriyal) | d. આંધ્રપ્રદેશ |

(A) 1 - c, 2 - b, 3 - a, 4 - d
(B) 1 - d, 2 - c, 3 - b, 4 - a
(C) 1 - a, 2 - d, 3 - c, 4 - b
(D) 1 - b, 2 - a, 3 - d, 4 - c

013. રાજ્ય અને તેમાં ઉજવાતા મેળાઓની જોડી પૈકી કઈ જોડી યોગ્ય નથી ?

(A) આસામ – અંબુબાચી મેળા (Ambubachi fair)

(B) રાજસ્થાન – બાણેશ્વર મેળા (Baneshwar fair)

(C) ગુજરાત – માધવપુરનો મેળો (Madhavpur Mela)

(D) ઉત્તર પ્રદેશ – સોનીપુર પશુઓનો મેળો (Sonepur cattle fair)

014. ''ડોગરિયા કોનઘા'' એ કયા રાજ્યમાં આવેલ લોકોના પ્રસિદ્ધ ઉત્પાદન ''રાયગડા શાલ''ને GI Tag આપવામાં આવનાર છે ?

(A) આસામ
(B) ઓડીશા
(C) કેરળ
(D) કર્ણાટક

015. 'હૉર્નબીલ ફેસ્ટીવલ (Hornbill Festival)' કયા રાજ્યમાં ઉજવવામાં આવે છે ?

(A) સિક્કીમ
(B) મણિપુર
(C) નાગાલેન્ડ
(D) મિઝોરમ

016. તાજેતરમાં ભારતીય પુરાતત્વ સર્વેક્ષણ ASI દ્વારા લગભગ 1300 વર્ષ જૂનો બૌધ્ધ સ્તૂપ કયા રાજ્યમાં શોધેલ છે ?

(A) ઓડીશા
(B) બિહાર
(C) ઝારખંડ
(D) મહારાષ્ટ્ર

017. નીચેના વાક્યો ચકાસો.

1. હર્ષવર્ધન પછીના સમયગાળામાં સ્તંભ વગરના અને ગોળ શિખરોવાળા, મંદિરોની ખાસીયત હતી.

2. શંકુ આકારના, અણિદાર શિખરો હોય, તેવા મંદિરો દક્ષિણ ભારતની વિશેષતા હતી.

3. ગોપુરમ્ – દક્ષિણના મંદિરોની ખાસિયત હતી.

(A) 1, 2 અને 3 યોગ્ય છે.
(B) માત્ર 1 અને 2 યોગ્ય છે.
(C) માત્ર 1 અને 3 યોગ્ય છે.
(D) માત્ર 2 અને 3 યોગ્ય છે.

018. આફ્રિકન વંશીય નૃત્ય, સીદી ધમાલ ડાન્સ (Siddi Dhamal Dance) ભારતમાં કયા રાજ્યમાં જોવા મળે છે ?

(A) ઉત્તર પ્રદેશ
(B) ઝારખંડ
(C) બિહાર
(D) ગુજરાત

019. આદિ શંકરાચાર્ય દ્વારા અલગ અલગ સ્થળોએ મઠોની સ્થાપના કરેલ હતી. નીચેના પૈકી કઈ જોડી યોગ્ય છે ?

1. જ્યોતિ પીઠ – ઉત્તરાખંડ

2. શારદા પીઠ – ગુજરાત

3. ગોવર્ધન પીઠ – ઓડીશા

4. શૃંગેરી પીઠ – કર્ણાટક

(A) માત્ર 1, 2 અને 3
(B) માત્ર 1, 2 અને 4
(C) માત્ર 2, 3 અને 4
(D) 1, 2, 3 અને 4

020. ફેબ્રુઆરી-2023માં, 36મો સુરજકુંડ આંતરરાષ્ટ્રીય ક્રાફ્ટ મેળો, કયા સ્થળે આયોજીત કરવામાં આવેલ હતો ? (રાજ્યનું નામ આપો)

(A) હરીયાણા
(B) પંજાબ
(C) ઉત્તર પ્રદેશ
(D) મધ્ય પ્રદેશ

021. નીચેના પૈકી કઈ હસ્તકલા (Handicraft)ની વસ્તુઓને GI Tag આપવામાં આવેલ છે ?

1. આદિલાબાદ ડોકરા
2. પીઠાપુર પ્રિન્ટીંગ બ્લોક્સ
3. મધુર કાટી
4. ગાઝીપુર વૉલ હેંગીંગ

(A) 1, 2, 3 અને 4
(B) માત્ર 1, 2 અને 3
(C) માત્ર 1, 2 અને 4
(D) માત્ર 2, 3 અને 4

022. 1964માં સૌ પ્રથમવાર 'સુરકોટડા' ખાતે કોણે ખોદકામ કરેલ હતું ?

(A) શ્રી જે. પી. જોષી

(B) શ્રી એસ. આર. રાવ

(C) શ્રી એસ. આર. ભટ્ટ

(D) શ્રી બી. એસ. મજમુદાર

023. ભારતમાં પક્ષી અભયારણ્યો અને રાજ્યોની જોડીઓ પૈકી કઈ જોડી યોગ્ય નથી ?

(A) ભરતપુર પક્ષી અભયારણ્ય – રાજસ્થાન

(B) સુલતાનપુર પક્ષી અભયારણ્ય – હરીયાણા

(C) સલીમઅલી પક્ષી અભયારણ્ય – ગોવા

(D) કુમાર હોમ પક્ષી અભયારણ્ય – તામિલનાડુ

024. ભારતીય સાડીઓ અને તેના મુખ્ય ઉત્પાદન કેન્દ્રોની જોડીઓ પૈકી કઈ જોડી યોગ્ય નથી ?

(A) પૈઠની સાડી (Paithani Sari) – મહારાષ્ટ્ર

(B) કાંજીવરમ સાડી (Kanjivaram Sari) – કેરળ

(C) મુગા સીલ્ક સાડી (Muga Silk Sari) – આસામ

(D) તાંત સાડી (Tant Sari) – પશ્ચિમ બંગાળ

025. ભારતના રાજ્યો અને કિલ્લાઓની જોડી પૈકી કઈ જોડી યોગ્ય નથી ?

(A) કાંગડાનો કિલ્લો – હિમાચલ પ્રદેશ

(B) આમેરનો કિલ્લો – રાજસ્થાન

(C) ચિત્રદુર્ગનો કિલ્લો – તામિલનાડુ

(D) સિંધુદુર્ગનો કિલ્લો – મહારાષ્ટ્ર

026. ચંદ્રગુપ્ત મૌર્યના શાસનકાળ દરમ્યાન સેલ્યુકસ નિકેટરનો કયો રાજદૂત ભારતમાં આવેલ હતો જેણે "ઈન્ડિકા" ગ્રંથ લખેલ હતો ?

(A) મૅગેસ્થનિસ

(B) કૉપરનિસ

(C) ટોલેમી

(D) પ્લિની

027. દક્ષિણ ભારતમાં તામિલ ભાષામાં ત્રણ સંગમો (સભાઓ)માં થયેલ સાહિત્યને સંગમ સાહિત્ય કહેવાય છે. આ સંગમો કયા સ્થળે થયેલ હતા ?

(A) કાલીકટ

(B) મદુરાઈ

(C) પુલીકટ

(D) પાટલીપુત્ર

028. અવશેષોનો સમય નક્કી કરવા માટે કઈ પધ્ધતિનો ઉપયોગ કરવામાં આવે છે ?

(A) સી-8

(B) સી-9

(C) સી-1

(D) સી-14

029. નીચેના વાક્યો ચકાસો.

1. બૌધ્ધ ગ્રંથ – ધરણી સુત્ર ઈ.સ. 743નું અગત્યનું પુસ્તક છે.

2. 10મી સદીમાં કવિ ધનપાલ રચિત "ભાવિસત કાહા" - ગુજરાતી ભાષાની પ્રથમ કૃતિ માનવામાં આવે છે.

(A) માત્ર 1 વાક્ય યોગ્ય છે.

(B) માત્ર 2 વાક્ય યોગ્ય છે.

(C) 1 અને 2 બંને વાક્ય અયોગ્ય છે.

(D) 1 અને 2 બંને યોગ્ય છે.

030. નીચેના વાક્યો ચકાસો.

1. ઈ.સ. 1191માં શિહાબુદીન મોહમદ ઘોરીએ પંજાબમાં પોતાનું આધિપત્ય સ્થાપવા પૃથ્વીરાજ ચૌહાણ સાથે યુધ્ધ કરેલ હતું જે તરાઈનું પ્રથમ યુધ્ધ તરીકે જાણીતું છે.

2. ઈલ્તુત્મિશે પોતાની રાજધાની લાહોરથી દિલ્હી ફેરવી હતી. તેણે કુતુબુદ્દીન ઐબકે શરૂ કરેલ કુતુબમિનારનું કામ પૂર્ણ કરાવેલ હતું.

(A) 1 અને 2 બંને યોગ્ય છે.
(B) માત્ર 1 યોગ્ય છે.
(C) માત્ર 2 યોગ્ય છે.
(D) 1 અને 2 બંને યોગ્ય નથી.

031. ભારતમાં તુર્કો અને અફઘાન શાસન લગભગ કેટલું ચાલેલ હતું ?

(A) એક સદી
(B) બે સદીઓ
(C) ત્રણ સદીઓ
(D) ચાર સદીઓ

032. નીચેના વાક્યો ચકાસો.

1. વિજયનગર સામ્રાજ્ય કુલ પાંચ વંશોમાં વહેંચાયેલુ છે.

2. ઈ.સ. 1565માં બહમની રાજ્યોએ એક જૂથ થઈને રાક્ષસ તંગડીના યુધ્ધમાં વિજયનગરને ભયંકર પરાજય આપ્યો હતો.

(A) માત્ર 1 યોગ્ય છે.
(B) માત્ર 2 યોગ્ય છે.
(C) 1 અને 2 બંને યોગ્ય છે.
(D) 1 અને 2 બંને અયોગ્ય છે.

033. નીચેના પૈકી કયું / કયાં વાક્ય / વાક્યો યોગ્ય છે ?

1. પ્રથમ પાણીપતનું યુધ્ધ – લોદી અને બાબર

2. બીજું પાણીપતનું યુધ્ધ – હેમુ અને શેરશાહ સૂરી

3. ત્રીજું પાણીપતનું યુધ્ધ – મરાઠા અને અફઘાનીસ્તાનનો રાજા દુરાની

(A) માત્ર 1 અને 2
(B) માત્ર 2 અને 3
(C) માત્ર 1 અને 3
(D) 1, 2 અને 3

034. બ્રિટીશ મહેસૂલી પધ્ધતિ માટે નીચેના વાક્યો ચકાસો.

1. કોર્નવોલિસની મહેસૂલી વ્યવસ્થા "કાયમી જમાબંધી" હતી.

2. થોમસ મનરો જેવા સુધારકોએ "રૈયતવારી" પધ્ધતિ દાખલ કરેલ હતી.

3. મહાલવારી પધ્ધતિ એ જમીનદારી પ્રથાનું સુધારેલ સ્વરૂપ હતું.

(A) માત્ર 1 યોગ્ય છે.
(B) માત્ર 2 યોગ્ય છે.
(C) માત્ર 3 યોગ્ય છે.
(D) 1, 2 અને 3 યોગ્ય છે.

035. હડપ્પન સભ્યતા દરમ્યાનના, ખેડેલા ખેતરના પુરાવા ક્યાંથી મળી આવેલ છે ?

(A) લોથલ
(B) કાલીબંગન
(C) મોંહે-જો-દડો
(D) ધોળાવીરા

036. ''રોજડી'' (Rojdi), સિંધુ ખીણની સંસ્કૃતિ સાથે જોડાયેલ સ્થળ કયા રાજ્યમાં આવેલ છે ?

(A) ગુજરાત
(B) મહારાષ્ટ્ર
(C) મધ્ય પ્રદેશ
(D) ઉત્તર પ્રદેશ

037. ગિરનાર પર્વત ઉપર 14 શિલાલેખ છે. તે કોના દ્વારા બનાવવામાં આવેલ છે ?

(A) કનિષ્ક
(B) અશોક
(C) રાજા ભોજ
(D) હર્ષવર્ધન

038. જૂનાગઢ જીલ્લામાં આવેલ ''સુદર્શન તળાવ''નું નિર્માણ કોણે કરાવેલ હતું ?

(A) અશોક
(B) ચંદ્રગુપ્ત મૌર્ય
(C) સમુદ્ર ગુપ્ત
(D) રત્નસાગર ગુપ્ત

039. પલ્લવોની રાજધાનીનું શું નામ હતું ?

(A) મદુરા
(B) કાંચી - કાંચીપુરમ
(C) વેંગી
(D) કન્યાકુમારી

040. મધ્યકાલીન સમયમાં ચોલા સામ્રાજ્યની સ્થાપના કોણે કરેલ હતી ?

(A) આદિત્ય પ્રથમ (Aditya Pratham)
(B) આદિત્ય દ્વિતીય (Aditya Dwitiya)
(C) વિજયલયા પ્રથમ (Vijayalaya Pratham)
(D) કરાઈકલ (Karaikal)

041. વલ્લભાચાર્ય દ્વારા મધ્યકાળમાં કયા ધર્મનો વધારે પ્રચાર કરેલ હતો ?

(A) લીંગાયત સંપ્રદાય
(B) જૈન સંપ્રદાય
(C) બૌધ્ધ સંપ્રદાય
(D) વૈષ્ણવ સંપ્રદાય

042. શાહી ચાર્ટર (Royal Charter) દ્વારા ઇસ્ટ ઇન્ડિયા કંપનીની સ્થાપના કયા વર્ષમાં થયેલ હતી ?

(A) 1453
(B) 1600
(C) 1605
(D) 1610

043. લંડનમાં ''ઈન્ડીયા હાઉસ'' કોણે બનાવેલ હતું ?

(A) મદનલાલ ધીંગરા
(B) સરદાર ઉધમસીંહ
(C) શ્યામજી કૃષ્ણ વર્મા
(D) દાદાભાઈ નવરોજી

044. ''દક્કન રમખાણો'' (Deccan riots) કયા વર્ષમાં થયેલ હતા ?

(A) 1857
(B) 1870
(C) 1875
(D) 1890

045. સને 1918માં અમદાવાદ મિલ સંબંધિત હડતાલની આગેવાની કોણે સંભાળેલ હતી ?

(A) સરદાર પટેલ
(B) મહાત્મા ગાંધીજી
(C) બાબુભાઈ પટેલ
(D) ઈન્દુલાલ યાજ્ઞિક

046. બીજી રાઉન્ડ ટેબલ કૉન્ફરન્સ (Second Round Table Conference) કયા સ્થળે મળેલ હતી ?

(A) દિલ્હી
(B) લંડન
(C) પેરીસ
(D) કલકત્તા

047. નીચેના પૈકી કઈ જોડી યોગ્ય નથી ?

| કોંગ્રેસ સત્ર | વર્ષ | પ્રમુખ |
|---|---|---|
| (A) પ્રથમ સત્ર | 1885 | વ્યોમેશચંદ્ર બેનરજી |
| (B) 6ઠ્ઠું સત્ર | 1894 | ફીરોઝશાહ મહેતા |
| (C) 14મું સત્ર | 1898 | સી. શંકર નાયર |
| (D) 15મું સત્ર | 1899 | રોમેશ ચંદર દત્ત |

048. મહાત્મા ગાંધીજીએ કયા દિવસે મીઠાનો કાયદો ભંગ કરેલ હતો ?

(A) 6 એપ્રિલ, 1930
(B) 6 મે, 1930
(C) 6 જૂન, 1930
(D) 6 જુલાઈ, 1930

049. સરદાર વલ્લભભાઈ પટેલે બોરસદ સત્યાગ્રહની આગેવાની કયા વર્ષમાં કરેલ હતી ?

(A) 1921
(B) 1923
(C) 1926
(D) 1928

050. જૂનાગઢ રાજ્યનું, ભારતમાં ક્યારે વિલીનીકરણ (મર્જર) કરવામાં આવેલ ?

(A) 1946
(B) 1947
(C) 1948
(D) 1949

051. નીચેના વાક્યો ચકાસો.

1. પધ્ધતિસર અભિગમના આધારે ભૂગોળની ત્રણ મુખ્ય શાખાઓ છે.

2. પ્રાદેશિક અભિગમ (Regional Approach)ની મુખ્ય 4 ઉપશાખાઓ છે.

(A) માત્ર 1 વાક્ય યોગ્ય છે.
(B) માત્ર 2 વાક્ય યોગ્ય છે.
(C) 1 અને 2 બંને વાક્યો યોગ્ય છે.
(D) 1 અને 2 બંને વાક્યો યોગ્ય નથી.

052. નીચેના વાક્યો ચકાસો.

1. હિંદ મહાસાગરનો વધારે વિસ્તાર દક્ષિણ ગોળાર્ધમાં છે.

2. ઉત્તર વિષુવૃત્તીય પ્રવાહ પશ્ચિમ તરફ વહે છે અને શિયાળામાં તેનો પ્રતિ પ્રવાહ પૂર્વ દિશામાં વહે છે.

3. હિંદ મહાસાગરની અસર ભારત ઉપર ઘણું મહત્વ ધરાવે છે.

(A) 1, 2 અને 3 યોગ્ય છે.
(B) માત્ર 1 અને 2 યોગ્ય છે.
(C) માત્ર 2 અને 3 યોગ્ય છે.
(D) માત્ર 1 અને 3 યોગ્ય છે.

053. નીચેના વાક્યો ચકાસો.

1. ભારતમાં ગીચ વસ્તી હોય તેવા પ્રદેશોમાં ગંગા, બ્રહ્મપુત્ર, સતલજ, ક્રિષ્ણા, કાવેરીના મુખ ત્રિકોણના પ્રદેશોનો સમાવેશ થાય છે.

2. મધ્યમ વસ્તી ગીચતાવાળા પ્રદેશોમાં દક્ષિણ ભારતનો ઉચ્ચપ્રદેશ, માળવાનો ઉચ્ચપ્રદેશ અને વરાડ પ્રદેશનો સમાવેશ થાય છે.

3. ઓછી વસ્તી ગીચતાવાળા પ્રદેશોમાં પૂર્વોત્તરનો કેટલોક ભાગ, કચ્છનો વિસ્તાર જેવા પ્રદેશોનો સમાવેશ થાય છે.

(A) માત્ર 1 અને 2 યોગ્ય છે.
(B) માત્ર 2 અને 3 યોગ્ય છે.
(C) માત્ર 1 અને 3 યોગ્ય છે.
(D) 1, 2 અને 3 યોગ્ય છે.

054. નીચેના વાક્યો ચકાસો.

1. ઉત્તર પ્રદેશ અને મહારાષ્ટ્રને મળીને આ વિસ્તારમાં ભારતની લગભગ 50% વસ્તી રહે છે.

2. મધ્ય પ્રદેશ અને રાજસ્થાન એ ક્ષેત્રફળની દૃષ્ટિએ મોટા રાજ્યો છે પરંતુ બંનેમાં મળીને લગભગ 11.6%, કુલ વસ્તીના લોકો વસે છે.

(A) 1 અને 2 બંને યોગ્ય છે.
(B) માત્ર 1 યોગ્ય છે.
(C) માત્ર 2 યોગ્ય છે.
(D) 1 અને 2 બંને અયોગ્ય છે.

055. 15મી ઑગસ્ટ, 2023ના રોજ ભારતે કેટલામો સ્વતંત્રતા દિવસ ઉજવેલ છે ?

(A) 75
(B) 76
(C) 77
(D) 78

056. પ્રવૃત્તિઓ અને સંબંધિત કાર્યોને યોગ્ય રીતે જોડો.

| પ્રવૃત્તિ | કાર્ય |
|---|---|
| 1. પ્રાથમિક | a. જથ્થાબંધ વેપાર વાણિજ્ય સેવાઓ, પરિવહન |
| 2. તૃતીયક | b. માહિતી આધારિત સેવાઓ સંશોધન |
| 3. ચતુર્થક | c. નિષ્ણાતો, સલાહકારો નીતિ-નિર્ધારકો |
| 4. પંચમ | d. ખેતી, પશુપાલન, શિકાર |

(A) 1 - a, 2 - b, 3 - c, 4 - d
(B) 1 - d, 2 - a, 3 - b, 4 - c
(C) 1 - b, 2 - c, 3 - d, 4 - a
(D) 1 - c, 2 - d, 3 - a, 4 - b

057. સડક માર્ગના મહત્વના આધારે ભારતમાં સડક માર્ગોને કેટલા ભાગમાં વહેંચી શકાય છે ?

(A) ત્રણ ભાગ '3'
(B) ચાર ભાગ '4'
(C) પાંચ ભાગ '5'
(D) છ ભાગ '6'

058. રેલ્વેના ઝોન અને તેના મુખ્ય મથકની જોડીઓ પૈકી કઈ જોડી યોગ્ય નથી ?

(A) સેન્ટ્રલ ઝોન (Central Zone) – મુંબઈ
(B) પૂર્વ ઝોન (Eastern Zone) – કોલકત્તા
(C) ઉત્તર ઝોન (Northern Zone) – નવી દિલ્હી
(D) દક્ષિણ ઝોન (Southern Zone) – સિકંદરાબાદ

059. નેશનલ વૉટર વેઝ એક્ટ 2016 હેઠળ, કેટલા નેશનલ વૉટર વેઝ (NWs) જાહેર કરવામાં આવેલ છે ?

(A) 106
(B) 15
(C) 111
(D) 121

060. હાલમાં ભારતમાં કેટલા આંતરરાષ્ટ્રીય હવાઈમથક (International Airport) આવેલા છે ?

(A) 20
(B) 19
(C) 18
(D) 17

061. નીચેના વાક્યો ચકાસો.

1. ગુજરાતમાં અંકલેશ્વરથી કોયલી, નવાગામથી કોયલી, બોમ્બે હાઈથી કોઈલી વગેરે, ગુજરાતની અગત્યની પાઈપ લાઈનો છે.

2. 1962માં નહરકટિયા તેલ કુવાઓથી નૂનમતી અને તેને બિહારની બરૌની રિફાઈનરી પછીથી લંબાવવામાં આવેલ છે. આ અગત્યની પાઈપ લાઈન છે.

(A) માત્ર 1 યોગ્ય છે.
(B) માત્ર 2 યોગ્ય છે.
(C) 1 અને 2 બંને યોગ્ય છે.
(D) 1 અને 2 બંને યોગ્ય નથી.

062. બંદરોના મુખ્ય પ્રકારો કેટલાં છે ?

(A) 5
(B) 6
(C) 7
(D) 8

063. વિમાની મથક અને સંબંધિત રાજ્યની જોડીઓ પૈકી કઈ જોડી યોગ્ય નથી ?

(A) વિજયવાડા એયરપોર્ટ (Vijayawada Airport) – આંધ્રપ્રદેશ
(B) પાસીઘાટ એયરપોર્ટ (Pasighat Airport) – અરૂણાચલ પ્રદેશ
(C) અંબીકાપુર એયરપોર્ટ (Ambikapur Airport) – ઝારખંડ
(D) તેઝપુર એયરપોર્ટ (Tezpur Airport) – આસામ

064. નીચેના વાક્યો ચકાસો.

1. ગુજરાતનો કુલ વિસ્તાર 1.96 લાખ ચો. કિ.મી. છે.

2. ગુજરાતની હાલની વસ્તી લગભગ 6.05 કરોડની છે.

3. ગુજરાત રાજ્યમાં 36 જીલ્લાઓ આવેલ છે.

(A) માત્ર 1 યોગ્ય છે.
(B) માત્ર 2 યોગ્ય છે.
(C) 3 યોગ્ય નથી.
(D) 1, 2 અને 3 યોગ્ય નથી.

065. નીચેના વાક્યો ચકાસો.

1. ઈ.સ. 1947માં ભારત આઝાદ થયું ત્યારથી 1 મે, 1960 સુધી સૌરાષ્ટ્ર સિવાયનો સમગ્ર ગુજરાત પ્રદેશ મુંબઈ રાજ્યનો ભાગ હતો.

2. ગુજરાતની પ્રથમ રાજધાની અમદાવાદ હતી.

3. ગાંધીનગરની સ્થાપના બાદ તેને રાજધાની બનાવવામાં આવેલ હતી.

(A) માત્ર 1 અને 2 યોગ્ય છે.
(B) માત્ર 2 અને 3 યોગ્ય છે.
(C) માત્ર 1 અને 3 યોગ્ય છે.
(D) 1, 2 અને 3 યોગ્ય છે.

066. ગુજરાતના જીલ્લાઓ અને તેના વડા મથકને યોગ્ય રીતે ગોઠવો.

1. અરવલ્લી — a. મોડાસા
2. બનાસકાંઠા — b. પાલનપુર
3. ડાંગ — c. આહવા
4. ગીર સોમનાથ — d. વેરાવળ

(A) 1 - a, 2 - b, 3 - c, 4 - d
(B) 1 - b, 2 - c, 3 - d, 4 - a
(C) 1 - c, 2 - d, 3 - a, 4 - b
(D) 1 - d, 2 - a, 3 - b, 4 - c

067. ગુજરાત રાજ્યના જીલ્લાઓ અને તાલુકાઓની જોડીઓ પૈકી કઈ જોડી યોગ્ય નથી ?

(A) કચ્છ – અબડાસા, અંજાર
(B) બનાસકાંઠા – થરાદ, દિયોદર
(C) પાટણ – પાટણ, હારીજ
(D) અમરેલી – ઉના, કોડીનાર

068. નીચેના વાક્યો ચકાસો.

1. ઈ.સ. 1872માં પ્રથમ “સેન્સસ” કરવામાં આવેલ હતું.

2. સને 1948માં ‘સેન્સસ એક્ટ’ પસાર કરવામાં આવેલો હતો.

3. રજીસ્ટ્રાર જનરલ અને સેન્સસ કમિશ્નર ગૃહ મંત્રાલય હેઠળ કાર્ય કરે છે.

(A) 1, 2 અને 3 યોગ્ય છે.
(B) માત્ર 1 અને 2 યોગ્ય છે.
(C) માત્ર 2 અને 3 યોગ્ય છે.
(D) માત્ર 1 અને 3 યોગ્ય છે.

069. ભારત દેશમાં સૌ પ્રથમ સૂર્યોદય (Sun rise) કયા રાજ્યમાં જોવા મળે છે ?

(A) અરૂણાચલ પ્રદેશ
(B) મિઝોરમ
(C) આસામ
(D) નાગાલેન્ડ

070. ભારત દેશમાં દૂધનું સૌથી વધુ ઉત્પાદન કયા રાજ્યમાં થયેલ છે ? (સને 2021-22)

(A) ઉત્તર પ્રદેશ
(B) ગુજરાત
(C) રાજસ્થાન
(D) મધ્ય પ્રદેશ

071. National Programme for Organic Production (NPOP) હેઠળ, ઓર્ગેનીક સર્ટીફીકેશન (Organic Certification) હેઠળ કયા રાજ્યમાં મહત્તમ જમીન આવરી લેવામાં આવેલ છે ?

(A) મધ્ય પ્રદેશ
(B) ગુજરાત
(C) ઓડીશા
(D) કર્ણાટક

072. પરવાળાના ખડકો (coral reefs) મુખ્યત્વે કયા સ્થળે જોવા મળે છે ?

1. કચ્છનો અખાત
2. અંદામાન નિકોબાર
3. મન્નારનો અખાત
4. માલવણનો વિસ્તાર

(A) માત્ર 1, 2 અને 3
(B) માત્ર 1, 2 અને 4
(C) માત્ર 2, 3 અને 4
(D) 1, 2, 3 અને 4

073. નીચેના વાક્યો ચકાસો.

1. ભારતમાં હાલમાં 106 નેશનલ પાર્ક છે.
2. નેશનલ વાઈલ્ડ લાઈફ ડેટાબેઝ 2023 મુજબ દેશના ભૌગોલિક વિસ્તારના 3.35% વિસ્તારમાં નેશનલ પાર્ક આવેલા છે.
3. વાઈલ્ડ લાઈફ ઈન્સ્ટિટ્યૂટ ઑફ ઈન્ડિયા (WII) ની સ્થાપના ઈ.સ. 1982 મા કરવામાં આવેલ હતી અને તેનું વડુ મથક દહેરાદુનમાં છે.

(A) માત્ર 1 અને 2 યોગ્ય છે.
(B) માત્ર 1 અને 3 યોગ્ય છે.
(C) માત્ર 2 અને 3 યોગ્ય છે.
(D) 1, 2 અને 3 યોગ્ય છે.

074. પાક અને સૌથી વધારે ઉત્પાદન કરતા રાજ્યોની જોડીઓ પૈકી કઈ જોડી યોગ્ય નથી ?

(A) ચોખા (Rice) – પશ્ચિમ બંગાળ
(B) ઘઉં (Wheat) – ઉત્તર પ્રદેશ
(C) મકાઉ (Maize) – મહારાષ્ટ્ર
(D) શીંગદાણા (Groundnut) – ગુજરાત

075. નદીઓ અને તેના ઉપરના બંધ (Dam) ની જોડીઓ ગોઠવો.

| નદી | બંધ (Dam) |
|---|---|
| 1. પન્ના (Panna) | a. સોમાસીલા ડેમ (Somasila Dam) |
| 2. મહી (Mahi) | b. કડાણા ડેમ (Kadana Dam) |
| 3. સતલજ (Sutlej) | c. ભાખરા ડેમ (Bhakra Dam) |
| 4. ક્રિષ્ણા (Krishna) | d. અલમતી ડેમ (Almatti Dam) |

(A) 1 - b, 2 - c, 3 - d, 4 - a
(B) 1 - a, 2 - b, 3 - c, 4 - d
(C) 1 - c, 2 - d, 3 - a, 4 - b
(D) 1 - d, 2 - a, 3 - b, 4 - c

076. ભારતના અને રાજ્યના એકત્રિત ફંડની જોગવાઈ બંધારણના કયા અનુચ્છેદમાં દર્શાવેલ છે ?

(A) 264 (B) 265 (C) 266 (D) 267

077. ભારતના ખેડૂતો માટે કિસાન ક્રેડિટ કાર્ડ યોજના કયા વર્ષમાં શરૂ કરવામાં આવેલ હતી ?

(A) 1997 (B) 1998

(C) 1999 (D) 2000

078. જાહેર ક્ષેત્રના બેંકોના ચેરમેનની પસંદગી કોણ કરે છે ?

(A) બેંક બોર્ડ બ્યુરો (BBB) (B) રિઝર્વ બેંક ઑફ ઈન્ડીયા

(C) સંબંધિત બેંકનું બોર્ડ (D) બેંકના શેરહોલ્ડરો

079. SBI પછી ભારતમાં જાહેર ક્ષેત્રની બીજી સૌથી મોટી બેંક કઈ છે ?

(A) કેનેરા બેંક (B) ઈન્ડિયન ઓવરસીસ બેંક

(C) પંજાબ નેશનલ બેંક (D) બેંક ઓફ બરોડા

080. ભારતમાં રાષ્ટ્રિય આવક અંદાજ (National Income Estimates) કોના દ્વારા તૈયાર કરવામાં આવે છે ?

(A) નીતિ આયોગ (B) ભારતીય રિઝર્વ બેંક

(C) કેન્દ્રીય આંકડાકીય સંસ્થા (C.S.O.) (D) ભારતીય આંકડાકીય સંસ્થા

081. ભારતમાં વીજ ઉત્પાદનમાં કયા પ્રકારનો પાવર, સૌથી મોટો હિસ્સો ધરાવે છે ?

(A) હાયડ્રો પાવર (B) થર્મલ પાવર

(C) ન્યુક્લિયર પાવર (D) સોલાર પાવર

082. બ્રિટીશ શાસન દરમ્યાન, રાષ્ટ્રીય આવકનો પ્રથમ અંદાજ કોણે મુકેલ હતો ?

(A) શ્રી વી. કે. આર. વી. રાવ (B) શ્રી ડી. આર. ગાડગીલ

(C) શ્રી આર. સી. દત્ત (D) શ્રી દાદાભાઈ નવરોજી

083. ભારતમાં કૃષિ આવકની ગણતરી કઈ પધ્ધતિથી કરવામાં આવે છે ?

(A) આઉટપુટ પધ્ધતિ

(B) ઈનપુટ પધ્ધતિ

(C) ખર્ચ પધ્ધતિ

(D) કોમોડિટી પ્રવાહ પધ્ધતિ (Commodity Flow System)

084. પૃથ્વી ઉપર, મેદાનોમાં પર્યાવરણીય સંતુલન જાળવી રાખવા, લઘુત્તમ વન આવરણ (Minimum Forest Cover) કેટલા ટકા રાખવું જરૂરી છે ?

(A) 25% (B) 33%

(C) 50% (D) 67%

085. ભારતમાં રાષ્ટ્રીય આવકનો મુખ્ય સ્રોત (Source) .......... છે.

(A) વેપાર ક્ષેત્ર
(B) કૃષિ ક્ષેત્ર
(C) ઔદ્યોગિક ક્ષેત્ર
(D) સેવા ક્ષેત્ર

086. ભારતની વસ્તીમાં, કયા દાયકામાં વસ્તીમાં, નકારાત્મક વૃધ્ધિ દર જોવા મળેલ હતો ?

(A) 1911-21
(B) 1921-31
(C) 1931-41
(D) 1941-51

087. ભારતની વસ્તી 100 કરોડના આંકને ક્યારે પાર ગયેલ હતી ?

(A) મે, 2000
(B) મે, 2001
(C) મે, 2002
(D) મે, 2003

088. "ઈન્ડેક્સ ઑફ એઈટ કોર ઈન્ડસ્ટ્રીઝ" (Index of Eight Core Industries)માં સૌથી વધારે મહત્વ (Weightage) કયા ક્ષેત્રને આપવામાં આવેલ છે ?

(A) કોલસાનું ઉત્પાદન
(B) વીજળીનું ઉત્પાદન
(C) રિફાઈનરી પ્રોડક્ટ ઉત્પાદન
(D) સ્ટીલ ઉત્પાદન

089. ભારતમાં સૌ પ્રથમ વાર "ગરીબી દૂર કરવા" પર કઈ પંચવર્ષીય યોજનામાં ભાર મૂકવામાં આવેલો હતો ?

(A) 4થી (Fourth)
(B) 5મી (Fifth)
(C) 6ઠ્ઠી (Sixth)
(D) 7મી (Seventh)

090. ભારતમાં કાગળનું ચલણ સૌ પ્રથમ વાર કયા વર્ષમાં શરૂ થયેલ હતું ?

(A) 1542
(B) 1601
(C) 1861
(D) 1890

091. ભારત સરકાર દ્વારા પ્રથમ વન નીતિ (First National Forest Policy) ક્યારે બહાર પાડવામાં આવેલ હતી ?

(A) 1940
(B) 1952
(C) 1962
(D) 1972

092. ભારતમાં ચંદનના વૃક્ષો માટે કયુ રાજ્ય પ્રખ્યાત છે ?

(A) કર્નાટક
(B) આસામ
(C) કેરળ
(D) પશ્ચિમ બંગાળ

093. ભારતમાં સૌ-પ્રથમ હાઈડ્રો ઈલેક્ટ્રિક ઈન્સ્ટોલેશનથી કયા શહેરમાં વિજળી પુરવઠો આપવામાં આવેલ હતો ?

(A) મુંબઈ
(B) મદ્રાસ
(C) દાર્જિલિંગ
(D) દહેરાદુન

094. અર્થશાસ્ત્રમાં ખાનગી અને જાહેર ક્ષેત્રને કયા આધારે વર્ગીકૃત કરવામાં આવે છે ?

(A) રોજગારની સ્થિતિ
(B) આર્થિક સ્થિતિની પ્રવૃત્તી
(C) એકમની માલિકી
(D) કાચા માલનો ઉપયોગ

095. ભારતનું આયોજીત અર્થતંત્ર કયા સિદ્ધાંતો પર આધારિત છે ?

(A) મિશ્ર અર્થતંત્ર વ્યવસ્થા (Mixed economy system)
(B) મૂડીવાદી વ્યવસ્થા (Capitalist economy system)
(C) ગાંધીવાદી વ્યવસ્થા (Gandhian economy system)
(D) સમાજવાદી વ્યવસ્થા (Socialist economy system)

096. ભારતમાં રાષ્ટ્રીય આવકની ગણતરી માટે નવું આધાર વર્ષ (Base year) કયું છે ?

(A) 1990 - 1991
(B) 1993 - 1994
(C) 2004 - 2005
(D) 2011 - 2012

097. મિશ્ર અર્થતંત્ર (Mixed economy) એટલે...

(A) ગ્રામીણ અને શહેરી ક્ષેત્રનું સહ અસ્તિત્વ
(B) ખાનગી અને જાહેર ક્ષેત્રનું સહ અસ્તિત્વ
(C) ભારે અને નાના ક્ષેત્રનું સહ અસ્તિત્વ
(D) વિકસિત અને અવિકસિત ક્ષેત્રનું સહ અસ્તિત્વ

098. સ્ટેગફ્લેશન (Stagflation) પરિસ્થિતિ સંદર્ભ સહિત જણાવો.

(A) વૃદ્ધિનો ભાવમાં ફેરફાર સાથે કોઈ સબંધ નથી.
(B) ભાવ વધારાના દર કરતા વૃદ્ધિનો દર ઝડપી છે.
(C) ભાવ વધારાના દર કરતા વૃદ્ધિનો દર ધીમો રહેલ છે.
(D) વૃદ્ધિ દર અને ભાવ બન્ને ઘટી રહ્યાં છે.

099. ભારતમાં કેન્દ્રીય બેંકિંગ કાર્યો કોના દ્વારા કરવામાં આવે છે ?

(A) સ્ટેટ બેંક ઑફ ઈન્ડિયા
(B) ભારતીય રિઝર્વ બેંક
(C) પંજાબ નેશનલ બેંક
(D) કેનેરા બેંક

100. ગ્લિટ-એજડ માર્કેટ (Glit-edged market) એટલે...

(A) બુલિયન બજાર
(B) સરકારી સિક્યોરિટીઝનું બજાર
(C) શસ્ત્રોનું બજાર
(D) શુદ્ધ ધાતુઓનું બજાર

101. ભારતના બંધારણના આર્ટીકલ અને જોગવાઈઓ દર્શાવતી જોડીઓ પૈકી કઈ જોડી યોગ્ય નથી ?

(A) આર્ટીકલ-262 – આંતર રાજ્ય નદીઓ સંબંધી તકરારનો ન્યાય નિર્ણય
(B) આર્ટીકલ-281 – નાણા આયોગ
(C) આર્ટીકલ-279 – ચોખ્ખી આવકની ગણતરી
(D) આર્ટીકલ-269 – સંઘે નાખેલ અને વસુલ કરેલ પણ રાજ્યોને સોંપી દીધેલ કર

102. "ઈન્ડિયા અર્થાત ભારત રાજ્યોનો સંઘ રહેશે." ભારતના બંધારણમાં આ જોગવાઈ કયા આર્ટીકલમાં કરવામાં આવેલ છે ?

(A) 1 (B) 2 (C) 3 (D) 4

103. સંવિધાન સભાએ બંધારણ / સંવિધાનને ક્યારે અપનાવેલ હતું ?

(A) 26 નવેમ્બર 1948 (B) 26 જાન્યુઆરી 1949

(C) 26 જુલાઈ 1949 (D) 26 નવેમ્બર 1949

104. ભારતના બંધારણની કલમ અને તેની વિગતો યોગ્ય રીતે ગોઠવો.

| કલમ | વિગતો |
|---|---|
| 1. 14 | a. મનુષ્ય વેપાર પર પ્રતિબંધ |
| 2. 16 | b. જીવન સ્વતંત્રતાનુ રક્ષણ |
| 3. 21 | c. જાહેર નોકરીમાં સમાન તક |
| 4. 23 | d. કાયદા સમક્ષ સમાનતા |

(A) 1 - a, 2 - d, 3 - c, 4 - b (B) 1 - b, 2 - a, 3 - d, 4 - c

(C) 1 - c, 2 - b, 3 - a, 4 - d (D) 1 - d, 2 - c, 3 - b, 4 - a

105. નીચેના વાક્યો ચકાસો.

1. કલમ 32 થી બંધારણ દ્વારા જે અધિકારો આપવામાં આવેલ છે તેના અમલ માટે ઉચ્ચતમ ન્યાયાલય પાસે દાદ માંગી શકાય છે.

2. બંધારણ દ્વારા આપવામાં આવેલ અધિકારોની અમલ બજાવણી માટે અલગ-અલગ પાંચ પ્રકારની રિટ કરી શકાય છે.

(A) માત્ર 1 યોગ્ય છે. (B) માત્ર 2 યોગ્ય છે.

(C) 1 અને 2 બન્ને યોગ્ય છે. (D) 1 અને 2 બન્ને યોગ્ય નથી.

106. નીચેના વાક્યો ચકાસો.

1. ભારતના સંવિધાનના ભાગ-4માં રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતો દર્શાવેલ છે.

2. આ જોગવાઈઓના અમલીકરલ માટે માન. ન્યાયાલયમાં દાદ માંગી શકાય છે.

3. કાયદા ઘડતી વખતે રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતોનો અમલ કરવો જરૂરી છે.

(A) માત્ર 1 અને 2 યોગ્ય છે. (B) માત્ર 2 અને 3 યોગ્ય છે.

(C) માત્ર 1 અને 3 યોગ્ય છે. (D) 1, 2 અને 3 યોગ્ય છે.

107. રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતોને ધ્યાને લેતા રાજ્યએ કરવાના કાર્યો અને તે અંગેની કલમની જોડીઓ પૈકી કઈ જોડી યોગ્ય નથી ?

(A) કલમ-40 – સમાન ન્યાય અને મફત કાનુની ન્યાય

(B) કલમ-41 – કામ, શિક્ષણ અને અમુક પ્રસંગે જાહેર સહાય મેળવવા બાબતે

(C) કલમ-42 – પ્રસૂતી સહાય માટેની જોગવાઈ

(D) કલમ-43 – ઉદ્યોગના વહીવટમાં કામદારોની ભાગીદારી

108. "રાજ્ય - સેવાઓમાં ન્યાયતંત્રને કારોબારી તંત્રથી અલગ કરવા રાજ્ય પગલાં ભરશે." – આ જોગવાઈ બંધારણની કઈ કલમમાં દર્શાવેલ છે ?

(A) 47 (B) 48

(C) 50 (D) 51

109. નીચેના વાક્યો ચકાસો.

1. ભારતના બંધારણમાં મૂળભૂત ફરજો, કલમ 51(ક) હેઠળ મૂકવામાં આવેલ છે.

2. મૂળભૂત ફરજો, કુલ બે સુધારાઓથી દાખલ કરવામાં આવેલી છે.

(A) માત્ર 1 યોગ્ય છે. (B) માત્ર 2 યોગ્ય છે.

(C) 1 અને 2 બન્ને યોગ્ય છે. (D) 1 અને 2 બન્ને યોગ્ય નથી.

110. રાષ્ટ્રપતિની ચૂંટણીમાં મતદારગણમાં કોનો સમાવેશ થાય છે ?

1. સંસદના બન્ને ગૃહોના ચૂંટાયેલ સભ્યો.

2. રાજ્યોની વિધાનસભામાં ચૂંટાયેલ સભ્યો.

3. રાજ્યોની વિધાન પરિષદના સભ્યો.

4. લોકસભાના નિયુક્ત સભ્યો

(A) 1 અને 2 (B) 1, 2 અને 4

(C) 1, 3 અને 4 (D) 1, 2, 3 અને 4

111. ભારતના બંધારણની કલમ અને જોગવાઈને યોગ્ય રીતે ગોઠવો.

| કલમ | બાબત |
|---|---|
| 1. 56 | a. રાષ્ટ્રપતિના હોદ્દાની મુદત |
| 2. 58 | b. રાષ્ટ્રપતિની ચૂંટણીના ઉમેદવારની લાયકાત |
| 3. 59 | c. રાષ્ટ્રપતિ સંસદ અથવા વિધાનસભાના સભ્ય ન હોવા જોઈએ |
| 4. 61 | d. રાષ્ટ્રપતિ પરના મહાઆરોપની કાર્ય પધ્ધતિ |

(A) 1 - a, 2 - b, 3 - c, 4 - d (B) 1 - b, 2 - c, 3 - d, 4 - a

(C) 1 - c, 2 - d, 3 - a, 4 - b (D) 1 - d, 2 - a, 3 - b, 4 - c

112. નીચેના વાક્યો ચકાસો. કયું વાક્ય યોગ્ય નથી ?

1. દરેક રાજ્યના એક રાજ્યપાલ રહેશે. કલમ-153

2. રાજ્યપાલની નિમણૂંક રાષ્ટ્રપતિ કરે છે. કલમ-156

3. રાજ્યપાલની નિમણૂંક માટેની લાયકાતો. કલમ-157

4. રાજ્યપાલના હોદ્દાની શરતો. કલમ-158

(A) માત્ર 4 (B) માત્ર 3 (C) માત્ર 2 (D) માત્ર 1

113. નીચેના વાક્યો ચકાસો.

1. કલમ-124 – ઉચ્ચતમ ન્યાયાલયોની સ્થાપના અને રચના

2. કલમ-130 – ઉચ્ચતમ ન્યાયાલય રેકોર્ડ ન્યાયાલય રહેશે.

(A) માત્ર 2 યોગ્ય છે. (B) 1 અને 2 બન્ને યોગ્ય છે.

(C) 1 અને 2 બન્ને યોગ્ય નથી. (D) માત્ર 1 યોગ્ય છે.

114. ‘‘ઉચ્ચતમ ન્યાયાલયે અપીલ કરવા માટે ખાસ પરવાનગી આપવા બાબત’’ની જોગવાઈ કઈ કલમમાં દર્શાવેલ છે ?

(A) 135 (B) 136 (C) 137 (D) 138

115. ‘‘ઉચ્ચતમ ન્યાયાલયને પોતાનો ફેંસલો અથવા હુકમની પુનઃવિચારણા કરવાની સત્તા છે.’’ – આ જોગવાઈ બંધારણની કઈ કલમમાં દર્શાવેલ છે ?

(A) 137 (B) 136 (C) 138 (D) 139

116. નીચેના વાક્યો પૈકી કયું વાક્ય યોગ્ય નથી ?

1. ભારતના એટર્ની જનરલની જોગવાઈ કલમ-76 હેઠળ દર્શાવવામાં આવેલી છે.

2. એટર્ની જનરલની નિમણૂંક રાષ્ટ્રપતિ કરે છે.

3. એટર્ની જનરલ ઉચ્ચતમ ન્યાયાલયના ન્યાયાધીશ તરીકે નિમવાને લાયક હોય છે.

4. એટર્ની જનરલ માત્ર ઉચ્ચતમ ન્યાયાલયમાં સુનાવણીનો હક્ક ધરાવે છે.

(A) માત્ર 1, 2 અને 4 યોગ્ય છે. (B) માત્ર 1, 2 અને 3 યોગ્ય છે.

(C) માત્ર 2, 3 અને 4 યોગ્ય છે. (D) 1, 2, 3 અને 4 બધાજ યોગ્ય છે.

117. નીચેના વાક્યો ચકાસો.

1. પંચાયતી રાજ અંગેનો સુધારો 73મા બંધારણીય સુધારાથી બંધારણમાં દાખલ કરવામાં આવેલ હતો.

2. આ સુધારો 24-4-1993થી અમલી બનેલ છે.

(A) 1 અને 2 બન્ને યોગ્ય છે. (B) માત્ર 1 યોગ્ય છે.

(C) માત્ર 2 યોગ્ય છે. (D) 1 અને 2 બન્ને યોગ્ય નથી.

118. ભારતના બંધારણની કલમ અને વિગતોને યોગ્ય રીતે ગોઠવો.

| કલમ | વિગત |
|---|---|
| 1. 243-ક | a. પંચાયતોની મુદત |
| 2. 243-ખ | b. બેઠકો અનામત રાખવા બાબત |
| 3. 243-ઘ | c. પંચાયતોની રચના |
| 4. 243-ચ | d. ગ્રામસભા |

(A) 1 - a, 2 - d, 3 - c, 4 - b (B) 1 - b, 2 - a, 3 - d, 4 - c

(C) 1 - c, 2 - b, 3 - a, 4 - d (D) 1 - d, 2 - c, 3 - b, 4 - a

119. નીચેના પૈકી કયું / કયા વાક્ય / વાક્યો યોગ્ય છે ?

1. નાણા આયોગની સ્થાપના દર પાંચ વર્ષે કરવામાં આવે છે.

2. નાણા આયોગની જોગવાઈ કલમ-284 ભારતીય બંધારણમાં કરવામાં આવેલી છે.

3. નાણા આયોગની ભલામણો પરની કાર્યવાહી, કલમ-288 મુજબ કરવામાં આવે છે.

(A) માત્ર 3 યોગ્ય છે.
(B) માત્ર 2 યોગ્ય છે.
(C) માત્ર 1 યોગ્ય છે.
(D) 1, 2 અને 3 બધાજ યોગ્ય છે.

120. નીચેના વાક્યો ચકાસો.

1. ભારતના બંધારણમાં ચૂંટણી આયોગ અંગેની જોગવાઈ કલમ-342માં કરવામાં આવેલી છે.

2. ચૂંટણી આયોગ, સંસદ, વિધાન મંડળ, પંચાયતી રાજ સંસ્થાઓ, રાષ્ટ્રપતિ અને ઉપરાષ્ટ્રપતિના ચૂંટણીનુ સંચાલન કરે છે.

(A) 1 અને 2 બન્ને યોગ્ય છે.
(B) માત્ર 1 યોગ્ય છે.
(C) માત્ર 2 યોગ્ય છે.
(D) 1 અને 2 બન્ને યોગ્ય નથી.

121. લોક સેવા આયોગ સબંધિત કલમો અને જોગવાઈઓ યોગ્ય રીતે ગોઠવો.

| કલમ | જોગવાઈ |
|---|---|
| 1. 316 | a. સભ્યોની નિમણૂંક અને હોદ્દાની મુદત |
| 2. 317 | b. લોક સેવા આયોગના કાર્યો |
| 3. 318 | c. આયોગના સભ્યો, સ્ટાફની સેવાની શરતો |
| 4. 320 | d. સભ્યને હોદ્દા પરથી દૂર કરવા બાબત |

(A) 1 - d, 2 - c, 3 - b, 4 - a
(B) 1 - c, 2 - b, 3 - a, 4 - d
(C) 1 - a, 2 - d, 3 - c, 4 - b
(D) 1 - b, 2 - a, 3 - d, 4 - c

122. નીચેના વાક્યો ચકાસો.

1. ભારતના નિયંત્રક-મહાલેખા પરિક્ષક (CAG) ની નિમણૂંક રાષ્ટ્રપતિ કરે છે.

2. CAGના પગારની શરતો અને અન્ય સેવાઓની શરતો નાણા મંત્રી નક્કી કરે છે.

3. CAGના કચેરીનું વહીવટી ખર્ચ, ભારતના એકત્રીત ફંડ ખાતે ઉધારવામાં આવે છે.

(A) માત્ર 1 અને 2 યોગ્ય છે.
(B) માત્ર 1 અને 3 યોગ્ય છે.
(C) માત્ર 2 અને 3 યોગ્ય છે.
(D) 1, 2 અને 3 યોગ્ય છે.

123. નીચેના પૈકી કયા વાક્યો યોગ્ય નથી ?

1. કેન્દ્રીય સતર્કતા આયોગની સ્થાપના સંસદના કાયદા હેઠળ કરવામાં આવેલી છે.

2. કેન્દ્રીય સતર્કતા આયોગની સ્થાપના તા. 11-09-2013ના રોજ કરવામાં આવેલ છે.

3. આયોગમાં ચેરમેન ઉપરાંત મહત્તમ ચાર (4) સભ્યો હોઈ શકે છે.

(A) માત્ર 1 અને 2
(B) માત્ર 1 અને 3
(C) માત્ર 2 અને 3
(D) 1, 2 અને 3

124. નીચેના વાક્યો ચકાસો.

1. કેન્દ્રીય માહિતી આયોગની સ્થાપના તા. 12-10-2005ના રોજ કરવામાં આવેલી હતી.

2. માહિતી અધિકાર કાયદો 2005ની કલમ 18, 19, 20 અને 25 ની જોગવાઈ મુજબ આયોગ કામ કરે છે.

(A) 1 અને 2 બન્ને યોગ્ય છે.
(B) માત્ર 1 યોગ્ય છે.
(C) માત્ર 2 યોગ્ય છે.
(D) 1 અને 2 બન્ને યોગ્ય નથી.

125. નીચેના વાક્યો ચકાસો.

1. લોકપાલ અને લોકાયુક્ત, ધી લોકપાલ અને લોકાયુક્ત કાયદો 2013 અંતર્ગત કાર્ય કરે છે.

2. લોકપાલમાં મહત્તમ 8 સભ્યોની નિમણૂંક થઈ શકે છે.

3. લોકપાલ કચેરીના ખર્ચાઓ ભારતના એકત્રિત ફંડ (Consolidated Fund of India) ખાતે ઉધારવામાં આવે છે.

(A) 1 અને 2 યોગ્ય છે.
(B) 2 અને 3 યોગ્ય છે.
(C) 1 અને 3 યોગ્ય છે.
(D) 1, 2 અને 3 યોગ્ય છે.

126. રસાયણ વિજ્ઞાન મુજબ દ્રાવણના કેટલા પ્રકાર છે ?

(A) 3
(B) 4
(C) 5
(D) 6

127. રસાયણ શાસ્ત્રમાં શુદ્ધીકરણ-પરિષ્કરણ (Refining) ના મુખ્યત્વે કેટલાં પ્રકાર છે ?

(A) 5
(B) 6
(C) 7
(D) 8

128. લેન્થેનમ્ અને લેન્થોનાઈડનું નામ અને તેની સંજ્ઞાની જોડીઓ પૈકી કઈ જોડી યોગ્ય નથી ?

(A) લેન્થેનમ્ – La
(B) સિરિયમ – Ce
(C) યુરોપિયમ – Eu
(D) થુલિયમ – Thu

129. SI પદ્ધતિના પાયામાં એકમનો ઉપયોગ અને તેના માપની જોડીઓ પૈકી કઈ જોડી યોગ્ય છે ?

1. લંબાઈનો એકમ – મીટર

2. વિદ્યુત પ્રવાહનો એકમ – એમ્પિયર

3. ઉષ્માગતિકીય તાપમાનનો એકમ – કેલ્વિન

4. પ્રદીપ્ત તીવ્રતાનો એકમ – કેન્ડેલા

(A) માત્ર 1, 2 અને 3 યોગ્ય છે.
(B) માત્ર 1, 2 અને 4 યોગ્ય છે.
(C) માત્ર 2, 3 અને 4 યોગ્ય છે.
(D) 1, 2, 3 અને 4 યોગ્ય છે.

130. પ્રદૂષક અને સ્ત્રોતની જોડીઓ પૈકી કઈ જોડી યોગ્ય નથી ?

(A) સૂક્ષ્મ જીવાણુંઓ – ઘરેલુ ગંદા પાણીની અવ્યવસ્થા

(B) ઝેરી ભારે ધાતુઓ – રાસાયણિક એકમો

(C) ભારે કચરો – ઉદ્યોગમાં શીતક તરીકે વપરાતા એકમોમાંથી

(D) કિરણોત્સગી પદાર્થો – યુરેનિયમ ધરાવતા ખનિજ ઉત્પાદનમાંથી

131. હવામાન નીચેનામાંથી કયા વાયુની હાજરીને કારણે પિત્તળ હવામાં રંગીન થઈ જાય છે ?

(A) પ્રાણવાયુ

(B) હાયડ્રોજન સલ્ફાઈડ

(C) કાર્બન ડાયોક્સાઈડ

(D) નાયટ્રોજન

132. કૉમ્પ્યુટર કે જે ફાઈલોનો સંગ્રહ કરે છે અને નેટવર્ક વાળા અન્ય કૉમ્પ્યુટરને મોકલી શકે છે તેને શું કહેવાય છે ?

(A) ક્લિપ આર્ટ

(B) મધર બોર્ડ

(C) પેરિફેરલ

(D) ફાઈલ સર્વર

133. નીચેના પૈકી કઈ બિનધાતુ જે ઓરડાના તાપમાને પ્રવાહી રહે છે ?

(A) ફોસ્ફરસ

(B) બ્રોમિન

(C) ક્લોરિન

(D) હિલીયમ

134. "ધોવાનો સોડા" એ કોનું સામાન્ય નામ છે ?

(A) સોડિયમ કાર્બોનેટ

(B) કેલ્શિયમ કાર્બોનેટ

(C) કેલ્શિયમ બાયકાર્બોનેટ

(D) સોડીયમ બાયકાર્બોનેટ

135. ટેટ્રાઈથિલ (Tetraethyl lead) લીડ કયા ઉપયોગમાં લેવામાં આવે છે ?

(A) પેઈન કિલર

(B) અગ્નિશામક

(C) મચ્છર ભગાડનાર

(D) પેટ્રોલ એડિટિવ

136. ડેસિબલ (Decibel) એ શાનું એકમ છે ?

(A) પ્રકાશની ગતિ માપવાનું

(B) રેડિયો તરંગ આવર્તન માપવાનું

(C) આવાજની તિવ્રતા માપવાનું

(D) ગરમીની તિવ્રતા માપવાનું

137. ખુબજ નાના સમય ગાળાને - અંતરાલોને ચોક્કસ પણે માપવા માટે શાનો ઉપયોગ થાય છે ?

(A) સફેદ દ્વાર્ફ (White dwarf)

(B) ક્વાટ્ર્ઝ ઘડીયાળો (Quartz clock)

(C) અણુ ઘડીયાળો (Atomic clock)

(D) પલ્સર (Pulsars)

138. એક હોર્સ પાવર બરાબર કેટલાં વૉટ (Watts) થાય ?

(A) 736

(B) 746

(C) 748

(D) 756

139. ઈલેક્ટ્રિક પ્રવાહ (Electric current) કયા સાધનથી માપવામાં આવે છે ?
(A) કૉમ્યુટેટર (Commutator)
(B) એનિમોમીટર (Anemometer)
(C) એમીટર (Ammeter)
(D) વોલ્ટમીટર (Voltmeter)

140. અણુ વિસ્ફોટમાં પ્રચંડ ઉર્જા છોડવામાં આવે છે. તેનું કારણ શું છે ?
(A) યાંત્રિક ઉર્જાનું ગરમી ઉર્જામાં રૂપાંતર
(B) રાસાયણિક ઉર્જાનું ગરમીમાં રૂપાંતર
(C) સમુહનું ઉર્જામાં રૂપાંતર
(D) ન્યુટ્રોનનું પ્રોટોનમાં રૂપાંતર

141. એક્ષ-રેની તરંગ લંબાઈ કયા ક્રમની છે ?
(A) 10 માઈક્રોન (10 Micron)
(B) 1 એંગસ્ટ્રોમ (1 Angstrom)
(C) 1 સે.મી. (1 cm)
(D) 1 મીટર (1 Meter)

142. વિશ્વ પર્યાવરણ દિવસ દર વર્ષે ક્યારે ઉજવવામાં આવે છે ?
(A) 5 મે
(B) 5 જૂન
(C) 5 જૂલાઈ
(D) 5 ઑગષ્ટ

143. કૉફી અથવા ચા (Coffee or Tea) સાથે, નીચેના પૈકી કઈ બાબત સંકળાયેલ છે ?
(A) કપુર (Camphor)
(B) કેફીન (Caffeine)
(C) અફીણ (Opium)
(D) ધતુરો (Thorn apple)

144. નીચેના પૈકી કઈ બાબત માનવીય પ્રવૃત્તિઓથી પ્રભાવિત થતી નથી ?
(A) મેન્ગ્રુવ અને વેટલેન્ડનો વિનાશ
(B) ભૂગર્ભ જળનો અવક્ષય (Depletion)
(C) પ્રજાતિઓના લુપ્ત થવાના દરથી વધારે
(D) ઉપરોક્ત બધીજ બાબતો પ્રભાવિત કરે છે.

145. હાઈડ્રોસ્ફિયર (Hydrosphere) ઉપર વિકાસ પ્રવૃત્તિઓ શું અસર કરે છે ?
(A) વાયુ પ્રદૂષણ
(B) માટીનું પ્રદૂષણ
(C) જળ પ્રદૂષણ
(D) માટીનું ધોવાણ

146. એક જ પ્રદેશ પૂરતી મર્યાદિત પ્રજાતિઓ (The species) ને શું કહેવાય છે ?
(A) એડજ સ્પીસીસ (Edge species)
(B) એન્ડેમીક સ્પીસીસ (Endemic species)
(C) એનડેંજરડ સ્પીસીસ (Endangered species)
(D) કીસ્ટોન સ્પીસીસ (Keystone species)

147. વાતાવરણમાં 79% નાઈટ્રોજન અને 21% ઑક્સિજન હોય છે. આ જથ્થો કઈ બાબતને ધ્યાને લઈને નક્કી કરવામાં આવેલ છે ?
(A) ઘનમાપ (વૉલ્યુમ) (Volume)
(B) વજન (Weight)
(C) ઘનતા (Density)
(D) ઉપરોક્ત બધાજ

148. કૉમ્પ્યુટરમાં 'વાયરસ' કઈ રીતે દાખલ થઈ શકે છે ?

(A) ઈ-મેલ સંદેશ મોકલવાથી
(B) શિયાળા દરમ્યાન કૉમ્પ્યુટરનો ઉપયોગ કરવાથી
(C) ઑન લાઈન ખરીદીથી
(D) અન-અધિકૃત અજાણતા ઈમેલના જોડાણો ખોલવાથી

149. નીચેના પૈકી કયુ ઈન્ટરનેટ પ્રોટોકૉલ નથી ?

(A) HTTP
(B) FTB
(C) STP
(D) IP

150. હાર્ડવેયર કે જે પ્રાથમિક તબક્કે કૉમ્પ્યુટરનો ભાગ નથી. પરંતુ પછીથી જોડવામાં આવે છે તેને શું કહેવાય છે ?

(A) પેરિફિરલ (Peripheral)
(B) ક્લિપ આર્ટ (Clip art)
(C) હાયલાઈટ (High light)
(D) એક્ઝીક્યુટ (Execute)

151. BRO – બોર્ડર રોડ ઓર્ગેનાઈઝેશન અંદાજે 280 કરોડ રૂા. ના ખર્ચે નવું એરફિલ્ડ કઈ જગ્યાએ બાંધવામાં આવનાર છે ?

(A) પશ્ચિમ લદાખ
(B) મધ્ય લદાખ
(C) પૂર્વ લદાખ
(D) ઉત્તરી લદાખ

152. ભારતમાં કૃષિ ઉત્પાદકતા વધારવા માટે અને ભારતમાં ''હરિત ક્રાંતિના પિતા'' તરીકે કોને ઓળખવામાં આવે છે ?

(A) શ્રી એમ. એસ. સ્વામીનાથન
(B) શ્રી વિશાલ તિવારી
(C) શ્રી દુર્ગેશ પટેલ
(D) ડૉ. વર્ગીસ કુરિયન

153. સાલેમ સાગો (Salem Sago) એ નવો ભૌગોલિક ટૅગ (GI Tag) આપવામાં આવેલ છે. આ પદાર્થ કયા કયા રાજ્ય સાથે સંકળાયેલ છે ?

(A) તામિલનાડુ
(B) કેરળ
(C) કર્નાટક
(D) આંધ્ર પ્રદેશ

154. આંતરરાષ્ટ્રીય સાક્ષરતા દિવસ દર વર્ષે કયારે ઉજવાય છે ?

(A) 6ઠ્ઠી સપ્ટેમ્બર
(B) 7મી સપ્ટેમ્બર
(C) 8મી સપ્ટેમ્બર
(D) 9મી સપ્ટેમ્બર

155. ઈજીપ્તમાં ભારતીય નૌકાદળના INS સુમેધા એ જે સંયુક્ત લશ્કરી કવાયત (Exercise) માં ભાગ લીધેલ હતો તે કવાયતનું નામ શું હતું ?

(A) ઓપરેશન ડેઝર્ટ સ્ટોર્મ
(B) ઓપરેશન ક્રિમસન ટાઈડ
(C) બ્રાઈટ સ્ટાર-23
(D) ઓપરેશન સેન્ડ સ્ટોર્મ

156. ભારતમાં વાતચીતથી ચૂકવણું કરવા (to enable conversational payments) કઈ સંસ્થાએ "Hello UPI" અને "Bharat Bill Pay Connect" શરૂ કરેલ છે ?

(A) ભારતીય રિઝર્વ બેંક
(B) નેશનલ પેમેન્ટ્સ કોર્પોરેશન ઑફ ઈન્ડિયા
(C) સ્ટેટ બેંક ઑફ ઈન્ડિયા
(D) નાણા મંત્રાલય

157. ''ગતિ શક્તિ વિશ્વવિદ્યાલય અને એર બસ'' વચ્ચે હાલમાં સમજૂતી (MOU) કરવામાં આવેલ છે. આ સમજૂતી માટેના હસ્તાક્ષર કઈ જગ્યાએ કરવામાં આવેલ હતા ?

(A) વડોદરા
(B) ગાંધીનગર
(C) મુંબઈ
(D) નવી દિલ્હી

158. 44મી વર્લ્ડ આર્મ રેસલિંગ અને 25મી પેરા આર્મ રેસલિંગ ચેમ્પિયનશિપમાં ભારતીય આર્મ રેસલર્સે કુલ કેટલા મેડલ જીતેલ હતા ?

(A) 3
(B) 7
(C) 9
(D) 11

159. ભારતમાં સોનાના આભૂષણો અને કલા કૃતિઓના ફરજીયાત હોલમાર્કિંગનો ત્રીજો તબક્કો ક્યારથી શરૂ થયેલ છે ?

(A) 7મી સપ્ટેમ્બર
(B) 8મી સપ્ટેમ્બર
(C) 9મી સપ્ટેમ્બર
(D) 10મી સપ્ટેમ્બર

160. પેપ્સિકો (Pepsico India) ઈન્ડિયા તેનો નવો ફૂડ મેન્યુફેક્ચરિંગ પ્લાન્ટ કયા રાજ્યમાં સ્થાપનાર છે ?

(A) આસામ
(B) ગુજરાત
(C) મહારાષ્ટ્ર
(D) તામિલનાડુ

161. ભારતીય નૌકાદળની સાથે વરૂણ-23 તબક્કો-2 માં કયો દેશ કવાયતમાં ભાગ લેનાર છે ?

(A) ફ્રાન્સ
(B) ચીન
(C) રશિયા
(D) અમેરિકા

162. ASEAN ભારત સમિટ દ્વારા જે બેઠક આયોજીત થયેલ હતી તેમાં માન. વડાપ્રધાનશ્રીએ કયા દેશમાં ભારતીય દૂતાવાસ ખોલવાની જાહેરાત કરેલ હતી ?

(A) ઉઝબેકિસ્તાન
(B) તિમોર-લેસ્તે
(C) કંબોડિયા
(D) બ્રુનેઈ

163. ન્યાયિક સહકારના કરાર કરવા ભારતના માન. મુખ્ય ન્યાયાધીશ કયા દેશની મુલાકાતે ગયેલ હતા ?

(A) મલેશિયા
(B) ઈન્ડોનેશિયા
(C) સિંગાપુર
(D) થાયલેન્ડ

164. દેશનું પ્રથમ ભૂગર્ભ પાવર ટ્રાન્સફોર્મર કયા શહેરમાં સ્થાપિત કરવામાં આવેલ છે ?

(A) મુંબઈ
(B) દિલ્હી
(C) બેંગલુરૂ
(D) ચેન્નાઈ

165. વર્લ્ડ ટ્રેડ ઓર્ગેનાઈઝેશન (WTO)માં કયા દેશની સાથે ભારતે તેના આખરી વેપાર વિવાદનું સમાધાન કરેલ છે ?

(A) ચીન
(B) અમેરિકા
(C) બ્રાઝિલ
(D) જાપાન

166. હાલમાં ભારતના કયા રાજ્યના મંત્રીમંડળે આર્મ્ડ ફોર્સિસ (સ્પેશિયલ પાવર્સ) એક્ટ (AFSPA) પરત ખેંચવાની ભલામણ કરેલ છે ?

(A) મણિપુર
(B) મીઝોરમ
(C) મેઘાલય
(D) આસામ

167. હાલમાં કયા દેશ દ્વારા "વ્યુહાત્મક પરમાણું હુમલો કરી શકે તેવી સબમરીન" (Tactical nuclear attack submarine) લોન્ચ કરેલ છે ?

(A) ચીન
(B) રશિયા
(C) ઉત્તર કોરિયા
(D) દક્ષિણ કોરિયા

168. કયા દેશે બ્લોક ચેન ટેકનોલોજી દ્વારા સંચાલિત સ્વ-સાર્વભૌમ રાષ્ટ્રીય ડિજીટલ ID (a self-sovereign national digital ID for all citizens - powered by Blockchain) આપેલ છે ?

(A) ચીન
(B) સિંગાપુર
(C) ઈરાક
(D) ભુતાન

169. ભારતના પ્રમુખપદ હેઠળ G-20માં કયા સંગઠનને કાયમી સભ્યપદ આપવામાં આવેલ છે ?

(A) BRICS
(B) ASEAN
(C) African Union
(D) OECD

170. હાલમાં ગોવામાં 37મી નેશનલ ગેમ્સ માટે મશાલ (Torch) કોણે લૉન્ચ કરેલ હતી ?

(A) માન. રાજ્યપાલશ્રી
(B) માન. વડાપ્રધાનશ્રી
(C) માન. રમતગમત મંત્રીશ્રી
(D) માન. મુખ્યમંત્રીશ્રી

171. "નંદ બાબા મિલ્ક મિશન"ના અમલીકરણ માટે કયા રાજ્યએ ઉચ્ચસ્તરીય કમિટીની રચના કરેલ છે ?

(A) બિહાર
(B) ઉત્તર પ્રદેશ
(C) મધ્ય પ્રદેશ
(D) કેરળા

172. કૌશલ્ય અને રોજગારીની તકો પૂરી પાડીને વિકલાંગ વ્યક્તિઓને (PwDs) સશક્ત કરવા માટે કઈ સંસ્થાએ ભારતના પાંચ રાજ્યો સાથે MOU કરેલ છે ?

(A) Flipkart
(B) Snapdeal
(C) Amazon
(D) Google

173. મિસ ઈન્ટરનેશનલ ઈન્ડિયા-2023નો તાજ કોને આપવામાં આવેલ છે ?

(A) નંદિતા ગુપ્તા
(B) પ્રવીણા અંજના
(C) શ્રેયા પુજા
(D) સ્ટેરલીયા-લુવાંગ

174. "www.google.com" એ શું છે ?

(A) સર્ચ એન્જિન
(B) ગણિતમાં સંખ્યા
(C) છબીઓની ડિરેક્ટરી
(D) વેબ પર ચેટ સેવા

175. 11 થી 16 સપ્ટેમ્બર 2023 દરમ્યાન "વન વીક, વન લૅબ" (One Week, One Lab) કાર્યક્રમનું આયોજન કઈ સંસ્થાએ કરેલ છે ?

(A) ભારતીય વિજ્ઞાન સંસ્થા
(B) વિજ્ઞાન અને ટેકનોલોજી મંત્રાલય
(C) વિજ્ઞાન અને ઔદ્યોગિક સંશોધન પરિષદ
(D) ઈસરો

176. K ના કુલ પગારમાંથી 20% તે ઘરભાડા તરીકે ચૂકવે છે, 10% શિક્ષણ પર ખર્ચ કરે છે તથા અન્ય ખર્ચ 10% છે. જો તેની બચત રૂા. 13,200 હોય તો તેનો કુલ પગાર કેટલો હશે ?

(A) રૂા. 20,000
(B) રૂા. 22,000
(C) રૂા. 24,000
(D) ઉપરોક્ત પૈકી એકપણ નહીં

177. જો કોઈ વ્યક્તિ 10 કિમી/કલાકને બદલે 14 કિમી/કલાકની ઝડપે ચાલે, તો તે 20 કિમી વધુ ચાલશે. તો તેણે ખરેખર કેટલું અંતર કાપ્યું હશે?

(A) 50 કિમી
(B) 54 કિમી
(C) 60 કિમી
(D) ઉપરોક્ત પૈકી એકપણ નહીં

178. ચાર સંખ્યાઓ પૈકીની એક સંખ્યાને બદલે $x$ મૂકવામાં આવે તો તે 4 સંખ્યાઓની સરેરાશ 1 જેટલી વધે છે, તથા તે પૈકીની અન્ય એક સંખ્યાને બદલે $y$ મૂકવામાં આવે તો તે 4 સંખ્યાઓની સરેરાશ 1 જેટલી ઘટે છે. તો તે બે સંખ્યાઓનો તફાવત કેટલો થશે ?

(A) 6
(B) 8
(C) 4
(D) ઉપરોક્ત પૈકી એકપણ નહીં

179. એક ત્રિકોણની ત્રણ બાજુઓની લંબાઈ અનુક્રમે 9 સેમી, 10 સેમી અને 11 સેમી હોય તો તે ત્રિકોણનું ક્ષેત્રફળ કેટલું થશે ?

(A) $22\sqrt{2}$ ચો. સેમી
(B) $32\sqrt{2}$ ચો. સેમી
(C) $42\sqrt{2}$ ચો. સેમી
(D) ઉપરોક્ત પૈકી એકપણ નહીં

180. જો એક સાંકેતિક ભાષામાં "COUNSEL" ને "BITIRAK" તરીકે લખવામાં આવે તો "GUIDANCE" ને કઈ રીતે લખાશે ?

(A) EOHYZKBB
(B) FOHYZJBB
(C) FOHZZKAB
(D) HOHYBJBA

181. સમગુણોત્તર શ્રેણીની ત્રણ સંખ્યાઓનો સરવાળો 78 અને તેમનો ગુણાકાર 5832 હોય તો તે પૈકી સૌથી મોટી સંખ્યા કઇ હશે ?

(A) 26
(B) 52
(C) 54
(D) 39

182. રૂા. 68,000 નું $16\frac{2}{3}$% વાર્ષિક વ્યાજ દરે 9 મહિનાનું સાદું વ્યાજ કેટલું થશે ?

(A) રૂા. 8,175
(B) રૂા. 8,875
(C) રૂા. 9,275
(D) ઉપરોક્ત પૈકી એકપણ નહીં

183. જો આજે ગુરૂવાર હોય તો આજથી 132મા દિવસે કયો વાર હશે ?

(A) બુધવાર
(B) શુક્રવાર
(C) મંગળવાર
(D) ઉપરોક્ત પૈકી એકપણ નહીં

184. પરેશ એક કામ 9 દિવસમાં અને સુરેશ તે જ કામ 18 દિવસમાં કરે છે. તેઓ સાથે કામ શરૂ કરે છે, પરંતુ પરેશ કામ પૂર્ણ થવાના 3 દિવસ પહેલા કામ છોડી જાય છે. તો સમગ્ર કામ કેટલા દિવસમાં પૂરૂં થયું હશે ?

(A) 9 દિવસ
(B) 8 દિવસ
(C) 8.5 દિવસ
(D) ઉપરોક્ત પૈકી એકપણ નહીં

185. જો 18 વ્યક્તિઓ 15 કલાક પ્રતિ દિવસ કામ કરે તો એક કામ 36 દિવસમાં પૂર્ણ કરે છે. તો તે જ કામ 27 વ્યક્તિઓ 9 કલાક પ્રતિ દિવસ કામ કરી કેટલા દિવસોમાં પૂર્ણ કરશે ?

(A) 36 દિવસ
(B) 42 દિવસ
(C) 40 દિવસ
(D) ઉપરોક્ત પૈકી એકપણ નહીં

186. ‘aabb’ પ્રકારની તમામ 4 અંકની બેકી સંખ્યાઓનો મધ્યક કેટલો થશે ? (અહીં $a > 0$)

(A) 5050
(B) 5544
(C) 4864
(D) ઉપરોક્ત પૈકી એકપણ નહીં

187. એક વ્યક્તિ રૂા. 50,000 માં એક ડેસ્કટોપ કોમ્પ્યુટર અને એક લેપટોપ ખરીદ કરે છે. પછીથી તે ડેસ્કટોપ 20% નફા સાથે અને લેપટોપ 10% ખોટ સાથે વેચે છે. જો સમગ્ર રીતે તેને 2% નફો થયો હોય તો ડેસ્કટોપની ખરીદ કિંમત કેટલી હશે ?

(A) રૂા. 10,000
(B) રૂા. 16,000
(C) રૂા. 20,000
(D) ઉપરોક્ત પૈકી એકપણ નહીં

188. એક હોડી પ્રવાહની દિશામાં 18 કિમી અને સામે પ્રવાહે 12 કિમી અંતર કુલ 3 કલાકમાં કાપે છે. પરંતુ તે સામે પ્રવાહે 18 કિમી અને પ્રવાહની દિશામાં 12 કિમી અંતર કુલ $3\frac{1}{4}$ કલાકમાં કાપે છે, તો તે હોડીની સ્થિર પાણીમાં ઝડપ કેટલી હશે ?

(A) 8 કિમી/કલાક
(B) 10 કિમી/કલાક
(C) 12 કિમી/કલાક
(D) ઉપરોક્ત પૈકી એકપણ નહીં

189. જો રૂા. 1,200 ચક્રવૃદ્ધિ વ્યાજે મૂકતાં 2 વર્ષ બાદ વ્યાજ મુદ્દલ રૂા. 1,323 થાય, તો તે જ વ્યાજ દરે રૂા. 1,600 નું 3 વર્ષનું ચક્રવૃદ્ધિ વ્યાજ મુદ્દલ કેટલું થશે ?

(A) રૂા. 1,528.20
(B) રૂા. 1,828.20
(C) રૂા. 1,852.20
(D) ઉપરોક્ત પૈકી એકપણ નહીં

**190. એક 150 મીટર લાંબી ટ્રેનને 0.55 કિમી લાંબા પ્લેટફોર્મને પસાર કરતાં 56 સેકન્ડ લાગે છે. તો તેને 250 મીટર લાંબા પ્લેટફોર્મને પસાર કરતાં કેટલો સમય લાગશે ?**

(A) 36 સેકન્ડ
(B) 42 સેકન્ડ
(C) 48 સેકન્ડ
(D) ઉપરોક્ત પૈકી એકપણ નહીં

**191. રાત્રે 10 કલાક 25 મિનિટે ઘડિયાળના કલાક કાંટા અને મિનિટ કાંટા વચ્ચેનો ખૂણો કેટલો હશે ?**

(A) 162.5°
(B) 172.5°
(C) 82.5°
(D) ઉપરોક્ત પૈકી એકપણ નહીં

**192. બે પાસા એક સાથે ફેંકવામાં આવે છે. તો તેમની પર જેનો ગુણાકાર બેકી સંખ્યા હોય એવા બે અંકો આવે તેની સંભાવના કેટલી ?**

(A) $\frac{3}{4}$
(B) $\frac{1}{2}$
(C) $\frac{2}{3}$
(D) ઉપરોક્ત પૈકી એકપણ નહીં

**193. નીચે પૈકી કઈ સંખ્યા અવિભાજ્ય સંખ્યા છે ?**

(A) 187
(B) 811
(C) 341
(D) 899

**194. આપેલી શ્રેણી : –10, –8, 6, 40, 102, $(x)$ માં, $(x)$ ને સ્થાને કઈ સંખ્યા આવશે ?**

(A) 200
(B) 204
(C) 208
(D) ઉપરોક્ત પૈકી એકપણ નહીં

★ **નીચે આપેલી વિગતોનો અભ્યાસ કરી આપેલા (195-197) પ્રશ્નો માટે યોગ્ય વિકલ્પ પસંદ કરો :**

**એક ચોક્કસ સાંકેતિક ભાષામાં**

**'given time simple plan' ને '@E4 &N4 %N5 #E6' તરીકે,**

**'tired solution plant great' ને '#N8 @D5 %T5 &T5' તરીકે,**

**'sick point good turn' ને '#K4 %D4 @N4 &T5' તરીકે,**

**'garden sister phone team' ને '&E5 #R6 %N6 @M4' તરીકે લખાય છે.**

**195. શબ્દ 'translate' નો સંકેત કયો હશે?**

(A) #E8
(B) @E9
(C) @E8
(D) #T9

**196. શબ્દ 'plan' નો સંકેત કયો હશે?**

(A) %N5
(B) &N4
(C) @E4
(D) ઉપરોક્ત પૈકી એકપણ નહીં

197. '%D4' કયા શબ્દનો સંકેત છે ?

(A) sick
(B) point
(C) turn
(D) ઉપરોક્ત પૈકી એકપણ નહીં

198. નીચેના શબ્દોને અંગ્રેજી શબ્દકોષ પ્રમાણે ગોઠવતા છેલ્લે કયો શબ્દ આવશે ?

1. Actual
2. Actuate
3. Accumulate
4. Acquit
5. Achieve

(A) Acquit
(B) Achieve
(C) Accumulate
(D) Actuate

199. R એક ચોક્કસ બિન્દુથી ઉત્તર તરફ 30 કિમી ગતિ કરે છે, ત્યારબાદ તે પોતાની જમણે ફરી 15 કિમી જાય છે. તેના પછી તે પુનઃ જમણે વળી 30 કિમી જાય છે. તો તે શરૂઆતના બિન્દુથી કઈ દિશામાં અને કેટલા અંતરે હશે ?

(A) પૂર્વ તરફ 15 કિમી
(B) પશ્ચિમ તરફ 15 કિમી
(C) દક્ષિણ તરફ 15 કિમી
(D) ઉપરોક્ત પૈકી એકપણ નહીં

200. જો '–' એટલે '+', '+' એટલે '–', '×' એટલે '÷' અને '÷' એટલે '×' હોય તો, નીચે પૈકી કયું સાચું છે ?

(A) $10 + 5 - 14 \div 10 \times 15 = 158$
(B) $30 + 5 + 14 - 10 \times 15 = 122$
(C) $30 - 5 + 14 \div 10 \times 15 = 162$
(D) $30 \times 5 - 4 \div 10 + 15 = 31$